## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




# સિવિલમાં એમઆરઆઈ મશીન કયારે શરુ થશે?

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત ૬૦૦ બેડ હોસ્પિટલના ગ્રાઉન્ડ ફલોર પર એમઆરઆઈ મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ મશીનનો ટ્રાયલ રન પણ પૂર્ણ થઈ ગયો છે. ત્યારે સિવિલમાં એમઆરઆઈ મશીન કયારે કાર્યરત થશે તેની દર્દીઓ કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. જેને પગલે સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને ડાયાલિસિસ અને કિમો થેરાપીની પણ સારવાર કરવામાં આવે છે. ત્યારે ઓપીડી અને ૬૦૦ બેડની હોસ્પિટલ દર્દીઓથી ધમધમતી રહે છે.

ગાંધીનગર સિવિલમાં આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા દર્દીઓ મોટીસંખ્યામાં આવે છે.

ત્યારે ૬૦૦ બેડની હોસ્પિટલના ભોંયતળીયે એમઆરઆઈ મશીન પણ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યું છે. આ મશીનનો ટ્રાયલરન પણ પુરો થઈ ગયો છે. ત્યારે ટંકી પ્રોજેકટ હેઠળ કરોડો રૂપીયાનું એમઆરઆઈ મશીન ઈન્સ્ટોલ કરાયું છે. કંપની દ્વારા મશીનને હોસ્પિટલને એમઆરઆઈ મશીનનો ચાર્જ આપવામાં આવશે, ત્યારબાદ દર્દીઓ માટે એમઆરઆઈ મશીન કાર્યરત કરવામાં આવશે. હાલ એકસ-રે, સોનોગ્રાફી તેમજ સીટીસ્કેન મશીન કાર્યરત હોવાથી દર્દીઓને વધુ લાભ મળી રહે છે.

ત્યારે ગાંધીનગર સિવિલમાં એમઆરઆઈ મશીન શરુ થાય તેની દર્દીઓ કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

### ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી

# લકઝરી બસમાંથી ૨ પિસ્ટલ ૯ કારતુસ સાથે પાંચ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ચિલોડા પોલીસ દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન પોલીસે ટ્રાવેલ્સ બસમાંથી બે પિસ્ટલ, નવ જીવતા કારતુસ, ચાર નકલી સોનાના બિસ્કીટ લઈને આવનાર પાંચ શખ્સોને રૂ. ૫૯ હજારથી વધુના મુદ્દામાલ સાથે ચિલોડા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીએ જિલ્લાના પોલીસ મથક વિસ્તારના મહત્વના પોઈન્ટો પર નાકા પોઈન્ટ ગોઠવી અસરકારક વાહનચેકીંગ કરવા કડક સુચના આપવામાં આવી છે.

જેને અન્વયે ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ.અસારી તેમજ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ ડી.બી.ઝાલા, હેડ કોન્સ્ટેબલ શીવાભાઈ નાનાભાઈ અને કોન્સ્ટેબલ વિજયસિંહ તેજુસિંહ વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગરથી આવી રહેલી કલ્પના ટ્રાવેલ્સની બસને કોન્સ્ટેબલ વિજયસિંહે સાઈડમાં કરાવી મુસાફરોના સામાન તપાસી રહ્યા હતા.

તે સમયે બસમાં મુસાફર તરીકે બેસેલા મધુસુદનસીંગ ઉર્ફે મોનુસીંગ હરવીંદસિંગ રાજપુત (ઠાકુર), આનંદપ્રકાશ ઉર્ફે ગુડ્ડુ શ્રી હરીહરનાથ મિશ્રા(બંન્ને રહે અકોડી ગામ, થાણા વિધ્યાચલ મિરજાપુર ઉતરપ્રદેશ), ભુનોપસિંહ ઉર્ફે દીપુ કુલ્લનસિંહ રાજપુત (ઠાકુર), વિરેન્દ્રસિંહ પ્રેમબહાદુર રાજપુત (ઠાકુર) અને બલરામ બિહારી યાદવ (રહે, બિરોહી ગામ, થાણા વિધ્યાચલ, મિરઝાપુર યુપી), પાસે રહેલી અલગ અલગ ટ્રાવેલ્સ બેગમાંથી પિસ્ટલ (માઉઝર)નંગ-૨ કિં.રૂ.૫૦ હજાર તેમજ જીવતા કારતુસ નંગ-૯ કિં.૯૦૦ તેમજ ચાર મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે બેગમાં વધુ તપાસ કરતા નકલી સોનાના ચાર બિસ્કીટ પણ મળી આવ્યા હતા. ચિલોડા પોલીસે પાંચ શખ્સોને પકડી પાડી રૂ.૫૯,૭૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આરોપીઓ પાસેથી સોનાના નકલી-૪ બિસ્કીટ મળ્યા



## સેકટર-૨૪ શિવમ એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૨૪ શિવમ એપાર્ટમેન્ટ મકાન નં.એમ-૭-૮૧ પાર્કિંગમાંથી પાર્ક કરેલું બાઈક ચોરી થઈ ગયું છે. બનાવ અંગે બાઈક માલિકે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સેકટર-૨૪ શિવમ એપાર્ટમેન્ટ ખાતે રહેતા રાકેશકુમાર ભગવતી પ્રસાદ શર્મા ઉં.વ.૫૨ પરિવાર સાથે રહે છે અને અક્ષરધામ ખાતે બુક સ્ટોર ચલાવે છે. ગત તા.૩૧ ના રોજ રાત્રીના સાડા આઠ વાગે રાકેશકુમારે બુક સ્ટોર થી ઘરે આવીને સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૧૮.સી.કે.-૬૮૨૯ પાર્ક કર્યુ હતું. જયારે બીજા દિવસે સવારે ૬ વાગે નોકરી જવા માટે પાર્કિંગમાં જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી બાઈક અંગે આસપાસના વિસ્તારમાં તેમજ સેકટરમાં શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા રાકેશકુમાર શર્માએ રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના ૫૯માં સ્થાપના દિવસની કોંગ્રેસ કાર્યાલય ખાતે ઉજવણી કરાઈ



ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલય સેકટર-૨૨ ખાતે ગાંધીનગરના ૫૯ મા સ્થાપના દિવસની કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણી નિશિત વ્યાસ, અરવિંદસિંહ સોલંકી, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિંમનભાઈ વિંઝુડા સહિત કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાંધેજા-વાસણ માર્ગ પર રેલ્વે ફાટકની બાજુમાંથી જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨

પેથાપુર પોલીસ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ગાંધીનગરના રાંધેજા થી વાસણ ગામ તરફ જતા માર્ગ પર રેલ્વે ફાટકની બાજુમાં ખરાબાની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો કુંડાળુ વળી જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર દરોડા પાડીને બાજી માંડીને બેઠેલા રાંધેજા ગામ જે.એસ.વિદ્યામંદિરની બાજુમાં રહેતા પીન્ટુ વાલાજી ઠાકોર,જીતુજી વેલાજી ઠાકોર, ભગતવાળો વાસ ખાતે રહેતા સુરેશ ઉર્ફે નવઘણ મોતીજી ઠાકોર અને અશોક અમરતજી ઠાકોર નો સમાવેશ થાય છે.

પોલીસને જોઈ જુગારીઓ ચોંકી ગયા હતા. જયારે પોલીસે અંગજડતી દરમિયાન રૂ.૧૦ હજાર તેમજ એન્ડ્રોઈડ મોબાઈલ નં.૨ કિં.૧૦ હજાર તેમજ દાવ પરથી રોકડ રૂ.૧૨૦૦ મળી કુલ રૂ.૨૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રણાસણ સર્કલ પાસે ટ્રકની અડફેટે રાહદારીનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના રણાસણ સર્કલ પાસે ગતરોજ સાંજના સમયે રોડ પર રાહદારી ચાલીને જઈ રહ્યો હતો. તે સમયે ટ્રક નં. આર.જે.૧૦.જી.એ.-૮૪૫૭ ના ચાલકે તેની ટ્રક પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી રણાસણ ફાટક પાસે છાપરામાં રહેતા ચેલાભાઈ દંતાણીને ટકરાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ટ્રક ચાલક નાસી ગયો હતો. જયારે ચેલાભાઈને બંન્ને પગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેઓને તાત્કાલીક સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા.

જયાં આઈસીયુ વોર્ડમાં તેમની સારવાર ચાલી રહી હતી.તે દરમિયાન રાત્રીના સમયે સારવાર દરમિયાન ચેલાભાઈનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



શહેરમાં ગેરકાયદેસર હંગામી દબાણો પરત્વે દબાણ શાખાએ લાલ આંખ કરી છે. સેકટર-૬ માં હંગામી દબાણકર્તા લારી-ગલ્લાંવાળાઓ પર આજે દબાણતંત્રએ કાર્યવાહી કરી હતી.



કલોલ તાલુકાના ગણપતપુરા ગામના સરપંચ શ્રી વિષ્ણુજી ખોડાજી ઠાકોર ના દીકરા સુહાગ નો જન્મદિવસ નિમિત્તે પ્રાથમિક શાળાના તમામ બાળકોને સરપંચ શ્રી એ એ નાસ્તો આપ્યો તે બદલ શાળા પરિવાર તેમનો હૃદય પૂર્વક આભાર માને છે

# આદીવાડા મહિલા બુટલેગરના ઘરમાંથી ૧૦૦ કવાર્ટરીયા મળ્યા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના આદીવાડા ગામે દંતાણી વાસ ખાતે રહેતી મહિલા બુટલેગર રેખા અશ્વિન દંતાણીના ઘરમાં બાથરૂમમાંથી સફેદ કલરની મીણીયાની કોથડીઓમાંથી સેકટર-૨૧ પોલીસના જવાનોએ બાતમીને પગલે વિવિધ બ્રાન્ડના નંગ-૧૦૦ કવાર્ટર તેમજ બીયરના ટીન નંગ-૭ મળી કુલ રૂ.૧૦,૮૭૪ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે મહિલાને દારૂનો જથ્થો રાખવા અંગે પાસ પરમીટ છે તેમ પુછતા ના પાડી હતી. જયારે દારૂનો જથ્થો તેણીને કોને આપ્યો તે પુછતા તેને જવાબ આપ્યો ન હતો.

# શેરથા પાસે નાકાબંધી તોડી ભાગેલી ઈકોમાંથી દારૂ-બિયરનો જથ્થો મળ્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના શેરથા ટોલટેક્ષ પાસે અડાલજ પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી તે સમયે ઈકો કારના ચાલકને ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો.

તેમ છતા ચાલકે ઈકો દોડાવી દીધી હતી.જેથી પોલીસે ફિલ્મી ઢબે ઈકોનો પીછો કરતા ચાલકે કાબુ ગુમાવતા ઈકો જમીયતપુરા પાસે પલ્ટી મારી ગઈ હતી. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-૨૨૬ તેમજ બિયરની નંગ-૧૮૬ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ-બિયરનો જથ્થો મળી કુલ રૂ.૨.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ એસ.આર.મુંછાળ સ્ટાફના કર્મચારીઓ સાથે મહેસાણા-અમદાવાદ માર્ગ પર શેરથા ટોલટેક્ષ પાસે વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા.તે સમય દરમિયાન એક વ્હાઈટ કલરની ઈકો ગાડી નં.જી.જે.૦૮.આર.૩૧૮૯ આવતા ચાલકને ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો.

પરંતુ ચાલકે નાકાબંધી તોડી ઈકો દોડાવી હતી.જેથી પોલીસ સ્ટાફે પણ ઈકોનો ફિલ્મી સ્ટાઈલે પીછો કર્યો હતો. જમીયતપુરા કટ પાસે ઈકોના ચાલકે કાબુ ગુમાવતા રોડ સાઈડ ખાડામાં ઈકો પલ્ટી મારી ગઈ હતી.

ત્યારબાદ પોલીસે ઈકો ના ચાલકે તેમાંથી બહાર નીકાળ્યો હતો. ક્રેઈન મંગાવી ઈકોને સીધી કરી હતી.

ત્યારપછી ઈકોમાં તપાસ કરતા વિદેશી દારૂની નાની બોટલ મળી કુલ નંગ-૨૨૬, કિં.૫૧,૭૫૬ તેમજ બિયર ટીન નંગ-૧૮૫ રૂ.૨૨ હજારનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ડ્રાઈવરે નામ પુછતા પોતાનું નામ મંગલ કેવાજી ઠાકોર ( ઉં.વ.૨૪ રહે.માનપુરીયા ગામ, ઈકબાલગઢની બાજુમાં બનાસકાંઠા) હોવાનું જણાવ્યું હતું. જયારે ચાલકની પુછપરછ કરતા દારૂનો જથ્થો ગાડીમાં બનાસકાંઠાના શેરગઢના જગદીશ નેમાભાઈ મકવાણાએ ભરી આપ્યો હતો અને અમદાવાદ વસ્ત્રાલ ખાતે રહેતા હિંમતસિંહ ઠાકોરને દારૂ-બિયરનો જથ્થો પહોંચાડવાનો હતો.

અડાલજ પોલીસે દારૂ-બિયર, મોબાઈલ ફોન તેમજ ઈકો મળી કુલ રૂ.૨.૭૬,૯૫૫ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણસા ખાતે નાયબ નિયામકના અધ્યક્ષ સ્થાને સ્તનપાન સપ્તાહની ઉજવણી

ગાંધીનગર,તા.૦૨

વિશ્વ માં તારીખ ૧ ઓગષ્ટ થી ૭ ઓગસ્ટ સુધી એક સપ્તાહ સુધી સ્તનપાન સપ્તાહ ઉજવણીકરવામાં આવે છે ચાલુ વર્ષે ઉજવાઈ રહેલા વિશ્વ સ્તનપાન સપ્તાહ ની થીમ આવો, સ્તનપાન કાર્ય સ્થળો એ પણ શક્ય બનાવીએ, એના ઉપર વિશેષ ધ્યાન આપીએ. છે.આજરોજ તારીખ-૦૨/૦૮/૨૦૨૩ જનરલ હોસ્પિટલ, માણસા ખાતે ગાંધીનગરના વિભાગીય નાયબ નિયામકશ્રી ડૉ.એસ.કે.મકવાણાના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવેલ આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એ.જે. વૈષ્ણવ ,તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.પી.ડી. પાટીલ તેમજ જનરલ હોસ્પિટલ, માણસા ખાતે બાળ રોગ વિભાગ, સ્ત્રીરોગ વિભાગ અને બધાજ વિભાગ ના ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ ,તાલુકા હેલ્થ વિભાગ, આશા વર્કરો , ગર્ભવતી મહિલાઓ R.B.S.K ટીમ ,તાલુકા નર્સિંગ કોલેજોના તાલિમાર્થી નર્સિંગ વિધાર્થીઓની હાજરી આપેલ આ કાર્યક્રમમાં સ્તનપાનથી બાળકને થતા ફાયદા જેવાકે સ્તનપાન બાળક માટે ધરતી પરના અમ્રુત સમાન છે ,જેમા સૌથી વધારે પોશક તત્વો છે જે સરળ છે, મફત છે શરીર ના તાપમાને મળે છે, ગમે તે સમયે મળી શકે છે , બાળક ને સરળતાથી પચી શકે છે. બાળકની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે.અનેક વિવિધ રોગો સામે રક્ષણ આપે છે. માતા અને બાળક વચ્ચેનો સબંધ ગાઢ બનાવે છે , બાળકના મગજનો સારો વિકાસ થાય છે કારણ કે તેમા ગણા બધા ફેટી એસિડ હોય છે .સ્તનપાન થી માતા ને થતા ફાયદઓ જેવાકે માતના વજન મા થયેલ વધારો ઝડપથી ધટે છે, માતા માટે ગર્ભનિરોધક નુ કામ કરે છે ઝડપથી માતાનુ ગર્ભાશય સંકોચાય છે અને પુર્વ વત થઈ જાય છે માતા ને સ્તન કેન્સર,અંડાશય ના કેન્સર થી બચાવે છે માતામાં ઓસ્યોપોરોસીસ નુ જોખમ ઘટાડે છે .બાળકના જન્મ પછી તરતજ અડધો કલાક મા સ્તનપાન આપવાનુ શરુ કરી દેવુ જોઈએ,પ્રથમ છ માસ સુધી બાળકને ફકત સ્તનપાન જ કરાવવાનું હોય છે, એક સર્વે અનુસાર એક વર્ષ થી નાના બાળકના મ્રુત્યુદર મા નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે, નવજાત શીશુ ના મ્રુત્યુદરમા(એક માસ સુધીના) નોંધપાત્ર ઘટડો જોવા મળેલ છે.જેમાં એક કલાક મા સ્તનપાન કરાવવાથી IMR(Infant Mortality Rate) ૧૮થી ૨૨ ટકા મ્રુત્યુદર નો ઘટાડો જોવા મળેલ છે NMR( NEONATAL MORTALITY RATE ) SRS ના ડેટા મુજબ હાલ માં 17 Au. IMR 23 જેટલો છે જ્યારે U5MR ૨૮ છે.એક કલાક મા સ્તનપાન કરાવવાથી ૫૫ થી ૮૫ ટકા મ્રુત્યુદર નો ઘટાડો જોવા મળેલ છે. NFHS(નેશનલ ફેમિલી હેલ્થ સર્વે)૪ ની સરખામણી માં NFHS(નેશનલ ફેમિલી હેલ્થ સર્વે) ૫ માં ૬૪ ની સામે ૭૫ ટકા જેટલો Exclusive breastfeeding દર નોંધાયેલ છે.જેમાં હજુ સુધારા ને અવકાશ અપેક્ષિત છે.



### પ્લાસ્ટિક વેસ્ટ કલેક્ટર કરનારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા

# બોરીજ પ્રાથમિક શાળામાં પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન ડ્રાઈવ યોજાઈ



ગાંધીનગર,

ગાંધીનગર શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાના હેતુસર આજરોજ બોરીજ ગામ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ એસ્ટ્રલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન ડ્રાઈવ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા બિન જરૂરી/નકામુ ૩૨ કિ.ગ્રા. જેટલું પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન કરવામાં આવ્યું હતુ. આ એકત્ર કરવામાં આવેલ પ્લાસ્ટિકને રિસાયકલ કરીને તેમાંથી ગૃહ ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૫૦૦ ગ્રામથી વધારે પ્લાસ્ટિક લાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનાવેલ રાઈટીંગ પેડ અને કુંડા આપવામાં આવ્યા હતા.

## મુક્તિધામના કોલ્ડસ્ટોરેજમાં બે શબપેટીની નિઃશુલ્ક સુવિધા

ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગર મહાનગર પાલિકા સંચાલિત સે.૩૦ના મુક્તિધામ સ્મશાન ખાતે કોલ્ડ સ્ટોરેજ રૂમમાં બે શબપેટી રાખવામાં આવી છે. જે સેવા વર્ષોથી સંપૂર્ણ નિશુલ્ક રાખવામાં આવેલી છે. આ શબપેટીમાં માનવદેહ એક અઠવાડિયા સુધી રાખી શકાય છે.

જેથી જાહેર જનતાએ લાભ લેવા વિનંતી તેવું મુક્તિધામના માનદસેવક જીલુભા ધાંધલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

મારું જુનું નામ પટેલ વિજ્યા સુરેશચંદ્ર હતું જે બદલીને પટેલ વિજયાબેન સુરેશચંદ્ર રાખેલ છે.
સરનામું : ૩૯૨/૧, સેક્ટર-૧સી, ગાયત્રી મંદિર પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭